# આઠ કર્મોનો ક્ષય કરનાર એવી પરમાત્માની અષ્ટપ્રકારી પૂજાની વિધિ

## ૧. જળ પૂજા

નમોર્હતસિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્ય:

**પંચામૃત:** શુદ્ધ દૂધ, દહીં, ઘી, સાકર અને જળનું મિશ્રણ. અત્તર વિગેરે બીજા પણ શુદ્ધ સુંગંધી દ્રવ્યો તેમાં ભેળવી શકાય.

**જળપૂજાનું રહસ્ય:**

**જળ વડે પ્રક્ષાલ પ્રભુજીનો થાય ને કર્મો આપણા આત્મા પરથી દૂર થાય.**

(કળશ બે હાથમાં લઈને બોલવાનો દુહો)

જળ પૂજા જુગતે કરો, મેલ અનાદિ વિનાશ

જળ પૂજા ફળ મુજ હોજો માંગો એમ પ્રભુ પાસ ||

ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય, પરમેશ્વરાય, જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય,

શ્રીમતે જીનેન્દ્રાય, જલં યજામહે સ્વાહા ||



૨૭ ડંકા

(જળનો પ્રક્ષાલ કરતી વખતે બોલવાના દુહા)

(રાગ: શામ ઢલે જમના કિનારે, કિનારે)

મેરુ શિખર નવ્હરાવે હો સુરપતિ, મેરુ શિખર નવ્હરાવે (૨)

જન્મકાળ જીનવરજીકો જાણી, પંચરૂપ કરી આ . .વે . .

મેરુ શિખર નવ્હરાવે, નવ્હરાવે, મેરુ શિખર નવ્હરાવે

રત્નપ્રમુખ અડજાતિના કળશા, ઔષધી ચૂરણ મિલા . . વે .

ક્ષીરસમુદ્ર તીર્થોદક આણી, સ્નાત્ર કરી ગુણ ગા . . વે . .

મેરુ શિખર નવ્હરાવે, નવ્હરાવે, મેરુ શિખર નવ્હરાવે

**એણી પરે જિન પ્રતિમાકો નહવણ કરી, બોધિબીજ માનું વા . . વે .**

અનુક્રમે ગુણ રત્નાકર ફરસી, જિન ઉત્તમ પદ પા . . વે . .

મેરુ શિખર નવ્હરાવે, નવ્હરાવે, મેરુ શિખર નવ્હરાવે (૨)

જ્ઞાન કળશ ભરી આતમા, સમતારસ ભરપૂર

શ્રી જિનને નવરાવતાં, કર્મ થાયે ચકચૂર

## ૨. ચંદન પૂજા

નમોર્હતસિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્ય:

**<u>ચંદન પૂજાનું રહસ્ય:</u>**

**આ પૂજા દ્વારા આપણો આત્મા ચંદન જેવો શાંત અને શીતળ બને.**

શીતળ ગુણ જેહમાં રહ્યો, શીતળ પ્રભુ મુખ રંગ

આત્મ શીતળ કરવા ભણી, પૂજો અરિહા અંગ ||

ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય, પરમેશ્વરાય, જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય,

શ્રીમતે જીનેન્દ્રાય, ચંદનં યજામહે સ્વાહા ||



૨૭ ડંકા

સુખડથી વિલેપન-પૂજા કરવી અને પછી કેસરથી નવે અંગે પૂજા કરવી. નખ કેસરમાં ન બોળાય અને નખ પ્રભુને અડે નહીં તે ધ્યાન રાખવું.

**<u>પ્રભુજીને નવ અંગે પૂજા કરવાના દુહા અને પૂજા કરતાં સમયે ભાવવાની ભાવના:</u>**

અંગુઠે: જળ ભરી સંપુટ પત્રમાં, યુગલિક નર પૂજંત
ઋષભ ચરણ અંગૂઠડે, દાયક ભવજલ અંત

અંગુઠે પૂજા કરતાં ભાવવું કે હે પ્રભુ ! યુગલિકોએ આપશ્રીના ચરણના અંગુઠે અભિષેક કરી વિનય દાખવી આત્મકલ્યાણ કર્યું. તે રીતે સંસાર સાગર તારનારા આપના ચરણના અંગુઠાની પૂજા કરવાથી મારામાં પણ વિનય, નમ્રતા અને પવિત્રતાનો પ્રવાહ વહો.

ઢીંચણે: જાનુબળે કાઉસ્સગ રહ્યા, વિચર્યા દેશ વિદેશ
ખડા ખડા કેવળ લહ્યું, પૂજો જાનુ નરેશ

**જાનુ (ઢીંચણ) પર પૂજા કરતાં ભાવવું કે હે પ્રભુ ! આ જાનુના બળે ઉભા રહીને અપ્રમત્તપણે સાધના કરી આપે કેવળજ્ઞાન મેળવ્યું. આ જાનુના બળે દેશવિદેશ વિચરી ઘણાં આત્માઓનું કલ્યાણ કર્યું. આપના જાનુની પૂજા કરતાં મારો પ્રમાદ દૂર થાઓ અને મને અપ્રમત્તપણે આરાધના કરી આત્મકલ્યાણ કરવાની શક્તિ મળો.**

કાંડે: લોકાંતિક વચને કરી, વરસ્યાં વરસી દાન
કર કાંડે પ્રભુ પૂજના, પૂજો ભવિ બહુમાન

કાંડા પર પૂજા કરતાં ભાવવું કે હે પ્રભુ ! દીક્ષા લેતા પહેલા આપે આ હાથેથી સ્વેચ્છાએ લક્ષ્મી, અલંકાર, વસ્ત્ર આદિનું એક વર્ષ સુધી દાન આપ્યું. કેવળજ્ઞાન બાદ આ હાથેથી અનેક મુમુક્ષુને રજોહરણનું દાન આપ્યું. આપના હાથની પૂજા કરતાં મારી કૃપણતા, લોભવૃત્તિનો નાશ થાઓ અને યથાશક્તિ દાન દેવાના મુજને ભાવ થાઓ.

ખભે: માન ગયું દોય અંશથી, દેખી વીર્ય અનંત
ભુજા બલે ભવજલ તર્યા, પૂજો ખંધ મહંત

ખભા પર પૂજા કરતાં ભાવવું કે હે પ્રભુ ! અનંત જ્ઞાન અને અનંત શક્તિના સ્વામી હે પ્રભુ ! ભૂજાબળે આપ સ્વયં સંસાર સાગર તર્યા છતાં આપનામાં માન, અહંકારનો જરાય અંશ દેખાતો નથી. આપે આ ખભેથી અભિમાનને રવાના કર્યું તેમ આ ખભાની પૂજાથી મારા પણ અહંકારનો નાશ થાઓ અને નમ્રતા ગુણનો મારામાં વાસ થાઓ.

મસ્તકે: સિદ્ધશિલા ગુણ ઉજળી, લોકાંતે ભગવંત
વસીયા તિણે કારણ ભવિ, શિરશિખા પૂજંત

**મસ્તકે શિખા પર પૂજા કરતાં ભાવવું કે હે પ્રભુ ! આત્મસાધના તથા પરહિતમાં સદાય લયલીન એવા આપે લોકના સૌથી ઉપરના છેડે સિદ્ધશિલા પર કાયમ માટે વાસ કર્યો. આપની કાયાના સૌથી ઉપરના છેડે રહેલી મસ્તકની શિખાના પૂજનથી મને એવું બળ મળો કે હું પણ હર પળે આત્મસાધના તથા પરહિતના ચિંતનમાં લીન રહી જલ્દીથી લોકના અંતે વાસ મેળવી આપના જેવો બની શકું.**

કપાળે: તીર્થંકર પદ પુન્યથી, ત્રિભુવન જન સેવંત
ત્રિભુવન તિલક સમા પ્રભુ, ભાલ તિલક જયવંત

**લલાટે પૂજા કરતાં ભાવવું કે હે પ્રભુ ! તીર્થંકર નામકર્મનાં પુણ્યના પ્રભાવે ત્રણે ભુવનમાં આપ પૂજનીય છો. આપ ત્રણ લોકની લક્ષ્મીના તિલક સમાન છો. આપના લલાટની પૂજાના પ્રભાવે મને એવું બળ મળો કે જેથી હું લલાટના લેખ અર્થાત કર્મ અનુસાર મળેલા સુખમાં રાગ કે દુઃખમાં દ્વેષ ના કરૂં, અવિરત આત્મસાધના કરતો આપની જેમ પુણ્યાનુબંધી પુણ્યનો સ્વામી બનું.**

કંઠે: સોળ પહોર પ્રભુ દેશના, કંઠે વિવર વર્તુલ

મધુર ધ્વનિ સુરનર સુણે, તિણે ગળે તિલક અમુલ

કંઠે તિલક કરતાં ભાવવું કે હે પ્રભુ ! આપે આ કંઠમાંથી જગત ઉદ્ધારક વાણી પ્રકાશીને જગત પર અનુપમ કરુણા ઉપકાર કર્યો છે. આપના કંઠની પૂજાથી હું એ વાણીની કરુણાને ઝીલનારો બનું અને મારામાં એવી શક્તિ પ્રગટો કે જેથી મારી વાણીથી મારું અને સૌનું હિત થાય.

હૃદયે: હૃદય કમલ ઉપશમ બળે, બાળ્યા રાગ ને રોષ

હિમ દહે વન ખંડને, હૃદય તિલક સંતોષ

હૃદયે પૂજા કરતાં ભાવવું કે હે પ્રભુ ! રાગ, દ્વેષ વગેરે દોષોને બાળી મૂકી આપે આ હૃદયમાં ઉપશમભાવ છલકાવ્યો છે. નિઃસ્પૃહતા, કોમળતા અને કરુણા ભરેલ આપના હૃદયની પૂજાના પ્રભાવે મારા હૈયે પણ સદાય નિઃસ્પૃહતા-પ્રેમ-કરુણા અને મૈત્રી આદિ ભાવનાનો ધોધ વહો. મારું હૃદય પણ સદાય ઉપશમભાવથી ભરપૂર રહો.

નાભિ: રત્નત્રયી ગુણ ઉજળી, સકલ સુગુણ વિશ્રામ
નાભિ કમળની પૂજના, કરતાં અવિચલ ધામ

નાભિ પર પૂજા કરતાં ભાવવું કે હે પ્રભુ ! આપે શ્વાસોચ્છશ્વાસને નાભિમાં સ્થિર કરી, મનને આત્માનાં  શુધ્ધ સ્વરૂપમાં જોડી, ઉત્કૃષ્ટ સમાધિ સિદ્ધ કરી, અનંત દર્શન-જ્ઞાન-ચારિત્રનાં ગુણોને પ્રગટ કર્યા છે. નિર્મળ એવી આપની નાભિના પૂજનથી મને પણ અનંત દર્શન-જ્ઞાન-ચારિત્રનાં ગુણોને પ્રગટ કરવાનું સામર્થ્ય પ્રાપ્ત થાઓ. નાભિના આઠ રુચક પ્રદેશની જેમ મારા પણ સર્વ આત્મપ્રદેશો શુદ્ધ થાઓ.

ઉપસંહાર: ઉપદેશક નવ તત્વના, તિણે નવ અંગ જિણંદ
પૂજો બહુવિધ રાગથી, કહે શુભવીર મુણીંદ

આપણાં આત્માનાં કલ્યાણ માટે, નવ તત્વનાં ઉપદેશક એવા પ્રભુજીનાં અંગોની પૂજા વિધિ રાગથી, ભાવથી કરીએ એવું પૂ. ઉપાધ્યાય વીરવિજયજી મહારાજે કહ્યું છે.

## ૩. પુષ્પ પૂજા

નમોર્હતસિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ

**<u>પુષ્પ પૂજાનું રહસ્યઃ</u>**

**આ પૂજા દ્વારા, આપણું જીવન પુષ્પની જેમ સુગંધિત બને અને સદ્દગુણોથી સુવાસિત બને.**

સુરભી અખંડ કુસુમ ગ્રહી, પૂજો ગત સંતાપ

સુમ જંતુ ભવ્ય જ પરે, કરીએ સમકિત છાપ ||

ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય, પરમેશ્વરાય, જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય,

શ્રીમતે જીનેન્દ્રાય, પુષ્પાણિ યજામહે સ્વાહા ||



૨૭ ડંકા

(સુંદર સુગંધવાળા અને અખંડ પુષ્પો ચઢાવવા. નીચે પડેલા તથા વાસી પુષ્પો ચઢાવાય નહીં.)

પાંચ કોડીને ફૂલડે, પામ્યા દેશ અઢાર

રાજા કુમારપાળનો, વર્ત્યો જય જયકાર ||

## ૪. ધૂપ પૂજા

નમોર્હતસિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ

**<u>ધૂપ પૂજાનું રહસ્ય:</u>**

આ પૂજા દ્વારા ધૂપની ઘટા જેમ ઊંચે જાય તેમ આપણો આત્મા ઉચ્ચ ગતિની પ્રાપ્તિ કરે.

ધ્યાન ઘટા પ્રગટાવીએ, વામનયન જિન ધૂપ

મિચ્છત દુર્ગંધ દૂર ટળે, પ્રગટે આત્મ-સ્વરૂપ ||

ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય, પરમેશ્વરાય, જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય,

શ્રીમતે જીનેન્દ્રાય, ધૂપં યજામહે સ્વાહા ||



૨૭ ડંકા

(પ્રભુજીની ડાબી બાજુએ ગભારાની બહાર ઊભા રહીને શુધ્ધ અને સુગંધી ધૂપ વડે ધૂપ પૂજા કરવી.)

અમે ધૂપની પૂજા કરીએ રે, ઓ મન માન્યા મોહનજી

અમે ધૂપ ઘટા અનુસરીએ રે, ઓ મન માન્યા મોહનજી

પ્રભુ ! નહીં કોઈ તમારી તોલે રે, ઓ મન માન્યા મોહનજી

પ્રભુ ! અંતે છે શરણ તમારું રે, ઓ મન માન્યા મોહનજી

## ૫. દીપક પૂજા

નમોર્હતસિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ

**દીપક પૂજાનું રહસ્ય:**

આ પૂજા દ્વારા મારા આત્માના અજ્ઞાનરૂપી અંધકારનો નાશ થાઓ અને જ્ઞાનરૂપી દીપકનો પ્રકાશ થાઓ.

દ્રવ્ય દીપક સુવિવેકથી, કરતાં દુઃખ હોય ફોક

ભાવ પ્રદીપ પ્રગટ હુએ, ભાસિત લોકાલોક ||

ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય, પરમેશ્વરાય, જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય,

શ્રીમતે જીનેન્દ્રાય, દીપં યજામહે સ્વાહા ||



૨૭ ડંકા

(પ્રભુજીની ડાબી બાજુએ ગભારાની બહાર ઊભા રહી દીપક પૂજા કરવી.)

નિર્ધૂમ - વર્તિર - પવર્જિત - તૈલ - પૂરઃ

કૃત્સ્નં જગત્ત્રમિદં પ્રકટી - કરોષિ |

ગમ્યો ન જાતુ મરુતાં ચલિતા ચલાનામ્ -

દીપોઽપરસ્ત્વમસિ નાથ ! જગતપ્રકાશઃ ||

## ૬. અક્ષત પૂજા

નમોર્હતસિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ

**<u>અક્ષત પૂજાનું રહસ્યઃ</u>**

દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરક - એમ ચાર ગતિની ભવ ભ્રમણા ટાળી, અજન્મા થવાની પૂજા એટલે અખંડ અક્ષત પૂજા. દર્શન, જ્ઞાન અને ચારિત્ર્ય - એમ રત્નત્રયીની આરાધના કરી સિદ્ધશીલા પાર મારો વાસ થાઓ.

શુધ્ધ અખંડ અક્ષત ગ્રહી, નંદાવર્ત વિશાલ

પુરી પ્રભુ સન્મુખ રહો, ટાળી સકલ જંજાલ |

ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય, પરમેશ્વરાય, જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય,

શ્રીમતે જીનેન્દ્રાય, અક્ષતં યજામહે સ્વાહા ||



૨૭ ડંકા

**<u>સૂચના:</u>**

૧. અક્ષતપૂજામાં ચોખાની સિદ્ધશિલાની ઢગલી, ત્યારબાદ દર્શન-જ્ઞાન-ચરિત્રની ઢગલી અને છેલ્લે સાથિયાની ઢગલી કરવી.

૨. આલંબન કરવામાં પહેલા સાથિયો અને છેલ્લે સિદ્ધશિલા કરવી.

<u>સાથિયો કરતી વખતે બોલવાના દુહા</u>

અક્ષત પૂજા કરતાં થકાં, સફળ કરું અવતાર

ફળ માંગુ પ્રભુ આગળે, તાર તાર મુજ તાર

સાંસારિક ફળ માંગીને, રઝળ્યો બહુ સંસાર

અષ્ટ કર્મ નિવારવા, માંગુ મોક્ષફળ સાર

ચિહુંગતિ ભ્રમણ સંસારમાં, જન્મ મરણ જંજાળ

પંચમગતિ વિણ જીવને, સુખ નહિં ત્રિહું કાળ

ત્રણ ઢગલી અને સિધ્ધશીલા કરતી વખતે બોલવાનો દુહો

દર્શન-જ્ઞાન-ચારિત્રનાં આરાધનથી સાર

સિદ્ધશિલાની ઉપરે, હો મુજ વાસ શ્રીકાર

## ૭. નૈવેદ્ય પૂજા

નમોર્હતસિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્ય:

**<u>નૈવેદ્ય પૂજાનું રહસ્ય:</u>**

આ પૂજા દ્વારા અનંતકાળની મારી આહારની સંજ્ઞાઓનો નાશ થાઓ અને અણાહારી પદની મને પ્રાપ્તિ થાઓ.

અણાહારી પદ મેં કર્યા, વિગ્ગહ ગઈય અનંત

દૂર કરી તે દીજીયે, અણાહારી શિવ સંત ।

ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય, પરમેશ્વરાય, જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય,

શ્રીમતે જીનેન્દ્રાય, નૈવેદ્યં યજામહે સ્વાહા ।।



૨૭ ડંકા

(સાથિયા ઉપર સાકર, પતાસા અને ઘરની બનાવેલી શુદ્ધ મીઠાઈ ચઢાવવી. બજારની અભક્ષ્ય વસ્તુ મુકાય નહીં.)

ન કરી નૈવેદ્ય પૂજના, ન ધરી ગુરુની શીખ

લેશે પરભવે અશાતા, ઘર ઘર માંગશે ભીખ ।

## ૮. ફળ પૂજા

નમોર્હતસિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્ય:

**<u>ફળ પૂજાનું રહસ્ય:</u>**

આ પૂજા દ્વારા મુજને શાશ્વત, શ્રેષ્ઠ એવા મોક્ષફળની પ્રાપ્તિ થાઓ.

ઇંદ્રાદિક પૂજા ભણી, ફળ લાવે ધરી રાગ

પુરુષોત્તમ પૂજી કરી, માંગે શિવફળ ત્યાગ |

ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય, પરમેશ્વરાય, જન્મ-જરા-મૃત્યુ-નિવારણાય,

શ્રીમતે જીનેન્દ્રાય, ફલં યજામહે સ્વાહા ||



૨૭ ડંકા

(શ્રીફળ, બદામ, સોપારી અને પાકાં ઉત્તમ ફળો સિદ્ધશિલા ઉપર મુકવા)

મનમોહન મેળો મળીઓ રે, શ્રાવકવ્રત સુરતરુ ફળીઓ રે

ઉત્તમ ફળ પૂજા કીજે રે, મુનિને દાન સદા દીજે રે

બારમે વ્રત લ્હાવો લીજે રે, મનમોહન મેળો મળીઓ રે

મનમોહન મેળો મળીઓ રે, શ્રાવકવ્રત સુરતરુ ફળીઓ રે

## ચામર પૂજાનો દુહો

પ્રભુ પાસનું મુખડું જોવા, ભવો ભવનાં પાતિક ખોવા (૨)

બે બાજુ ચામર ઢાળે, એક આગળ વજ્ર ઉલાળે

જઈ મેરુ ધરી ઉત્સંગે, ઇન્દ્ર ચોસઠ મળીયા રંગે

પ્રભુ પાસનું મુખડું જોવા, ભવો ભવનાં પાતિક ખોવા

**દર્પણ પૂજાનો દુહો**

પ્રભુ દર્શન કરવા ભણી, દર્પણ પૂજા વિશાલ

આત્મ દર્પણથી જુએ, દર્શન હોય તત્કાળ

**પંખા પૂજાનો દુહો**

નમો નમો નિત્ય નાથજી રે લોલ (૨)

અગ્નિ કોણે એક યૌવના રે લોલ, રયણમય પંખો હાથ રે

ચલત શિબિકા ગાવતી રે લોલ, સર્વ સાહેલી સાથ રે

નમો નમો નિત્ય નાથજી રે લોલ